બાળલગ્ન

પ્રતિબંધક કાયદો

યાને

(શારદા બીલ)

(ભાવાર્થ).

સમજુતી સાથે ભાષાન્તર કર્તા

પુષ્કરરાવ સાકરલાલ દેસાઇ

સરસ્વતી પ્રીન્ટીંગ વર્કસ-અમદાવાદમાં નંદલાલ

ચુનીલાલે છાપી અને પ્રસીદ્ધ કરી

ઈંગ્લીશ, સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં

હરેક જાતનું છાપવાનું કામ

ઠે. સરસ્વતી પ્રીન્ટીંગ વર્ક્સ

રીચીરોડ—અમદાવાદ.

પ્રવેશિકા.

ગયા સપ્ટેમ્બર માસમાં વડી ધારાસભાએ રા. સા. હરવિલાસ શારદાનું બાળલગ્ન બીલ પસાર કર્યું હતું અને પાછળથી તે બીલ કાઉન્સીલ ઓફ સ્ટેટમાં પણ મોટી બહુમતીએ પસાર થઈ ગયું હતું. તે પછી તા. ૧ લી નવેંબરે ના. વાઇસરોયે તેને સંમતી આપી છે. અને તે બીલનો તા. ૧ લી એપ્રીલ ૧૯૩૦ ના દિવસથી કાયદા તરીકે અમલ કરવામાં આવશે.

આ બીલ પસાર થવાથી અજ્ઞાન અને જુના વિચારના રૂઢીપૂજક લોકોમાં ભારે ખળભળાટ મચ્યો છે અને સનાતનીઓ તેમજ કેટલાંક મુસલમાનોએ તેની સામે ઠેઠ સુધી લડત ચલાવી હતી અને હજીપણ શારદા કાયદાનો ભંગ કરવાની વાતો ચાલી રહી છે.

આ કાયદો પસાર થવાથી જે ખોટો ગભરાટ ફેલાવા પામ્યો છે. અને જે અનિષ્ટ પરિણામોની ખોટી દહેશત રાખવામાં આવે છે તેને અંગે ચાલુ માગશર માસમાં હજારો નદોષ બાળકોનું બલિદાન આપવામાં આવ્યું છે અને હજુ પણ એપ્રીલ માસ પહેલાં ઢીંગલા ઢીંગલીઓના હાથમેળા કરવાને આતુર થઇ રહેલા માબાપો પોતાના હજારો બાળકોના સંસાર સળગાવી મુકવા તયાર થઇ રહ્યાં છે. આવા સંજોગોમાં પોતાને હાથેજ પોતાના બાળકોના ગૃહસ્થાશ્રમની ખાનાખરાબી કરવા નીકળેલાં માબાપોની અજ્ઞાની અને આત્મઘાતક માન્યતા દુર કરવા માટે શારદા કાયદો તેના વાસ્તવિક સ્વરૂપમાં સમજાવવાની અમને અનિવાર્ય જરૂર જણાઇ છે.

સૌથી પ્રથમ શારદા બીલ સને ૧૯૨૭ માં રજુ થયું હતું. તે વખતે તેમાં કન્યાને માટે ફક્ત ૧૨ વર્ષનીજ વયને લગ્નવય ઠરાવવાનો પ્રબંધ કરવામાં આવ્યો હતો. પરંતુ વડી ધારાસભાએ તે બીલને એક સીલેક્ટ કમીટીને સોંપ્યું હતું જે કમીટીએ તે બીલમાં સુધારો વધારો કરી કન્યા માટેની લગ્નવય ૧૪ વર્ષની

રાવી હતી. આ દર્મ્યાન સંમતિવય કમીટીની નિમણુંક થયેલી હોવાથી તેનો અહેવાલ પ્રગટ થવા અગાઉ શારદા બીલ મુલત્વી રાખવાની સુચનાઓ વડી ધારાસભામાં થઇ હતી. તે મુજબ સંમતીવય કમીટીનો અહેવાલ બહાર પડતાં સુધી શારદા બીલ મુલતવી રાખવામાં આવ્યું હતું. અને આખો સંમતિવય કમીટીનો રીપોર્ટ બહાર પડી ગયાં બાદ ગયા સપ્ટેમ્બરમાં તે ખરડો હાથ ધરવામાં આવ્યો હતો. જ્યારે થોડા ફેરફાર સાથે તેને પસાર કરવામાં આવ્યો હતો. કેટલાંક સનાતનીઓ કહે છે કે આ કાયદાથી હિંદુ ધર્મશાસ્ત્રોની આજ્ઞાઓનો લોપ થાય છે. પણ હિંદુ ધર્મશાસ્ત્રોમાં બાળલગ્ન કરવુંજ જોઇએ એવું કાંઇ ફરજીયાત ઠરાવેલું નથી તેમજ આજે કેળવણીના પ્રચાર સાથે ઘણી ઉચ્ચ કોમોમાં ૧૪ વર્ષ પછીજ કન્યાના લગ્ન કરવાની પ્રથા પડી ગઇ છે, જેને અધર્મ ગણવામાં આવતા નથી. વળી કેટલાંક હિંદુશાસ્ત્રોમાં મોટી ઉમરે કન્યાને પરણાવવાની પણ આજ્ઞા કરવામાં આવેલી છે. અમે અહિં શાસ્ત્રો સંબંધી વાદવિવાદમાં કે ચર્ચામાં ઉતરવા માંગતા નથી પરંતુ ફક્ત એટલું તો અવશ્ય કહીશું કે મનુષ્ય જાતિના સર્વમાન્ય એકજ પરમ ધર્મ-માનવજાતિનું કલ્યાણ-જે કોઇ રૂઢી અગર તો કાર્યથી સાધી શકાય તેજ સાચો ધર્મ છે. આરોગ્યની દ્રષ્ટિએ જોઇશું તો પણ બાળલગ્ન જેવી આરોગ્યનું સત્યાનાશ વાળનારી બીજી કોઇ પણ રૂઢી નથી. અપકવ વયની સ્ત્રીઓને અકાળે માતા થવાની ફરજ પડતા તેઓમાંનો મોટો ભાગ સુવાવડમાંજ મરણ પામે છે અગર તો સુવાવડમાંથીજ જીવનપર્યંતના હઠીલા રોગોનો ભોગ બની જાય છે. તેમજ તેમની કાચી વયમા થયેલા સંતાનો પણ અશકત, તેજોહિન અને અલ્પાયુષી નિવડે છે. આપણા દેશમાં આજે જે ભયંકર બાલમરણ જોવામાં આવે છે તથા આપણા આયુષ્યની મર્યાદા સરેરાશ ફક્ત

૨૩-૨૪ વર્ષ જેટલી ટુંકી થઇ જવા પામી છે તેના અનેક કારણોમાં સૌથી મોટું કારણ બાળલગ્ન છે. અને આ દુષ્ટ પ્રથાને પરિણામેજ આપણા દેશમાં આજે લાખો બાલવિધવાઓ ઉનાં અશ્રુ સારી કલ્પાંત કરતી સમાજ પર અહોનિશ ભીષણ શાપો વરસાવી રહી છે. અને આ ભયંકર કુરિવાજ જો નાબુદ ન થાય તો સ્વરાજ્ય અને સ્વાધીનતાની વાતો કેવળ સ્વપ્ના સમાનજ નીવડે એ દેખીતું છે કારણ કે દેશની ભવિષ્યની આશા તો તેની ભાવિ પ્રજા ઉપરજ રહેલી છે અને તેના હિતને ખાતર આ કાયદો અનિવાર્યજ હતો.

મુસલમાનો તરફથી આ કાયદાની સામે જે વિરોધ દેખાડવામાં આવે છે તે કેવો અસ્થાને છે તે તેમનાજ આગેવાનોએ અનેકવાર સ્પષ્ટપણે સમજાવ્યું છે. મુસ્લીમ ધર્મમાં લગ્ન એ ધાર્મિક બાબત નથી પરંતુ એક પ્રકારનો કોન્ટ્રેકટ છે તેથી લગ્ન સંબંધી કાયદાને ધર્મ સાથે કાંઈ પણ લાગતું વળગતું નથી.

બાળલગ્નની બદીથી જે ભયંકર પાયમાલી થઇ રહી છે તેનું સંપૂર્ણ વિવેચન કરવા જતાં મોટા ગ્રંથોના ગ્રંથો ભરાય. તે દુષ્ટ રૂઢીએ દેશના સ્ત્રીત્વનું અને પુરૂષત્વનું નિકંદન કહાડયું છે અને સંસારને સ્મશાન જેવો ભયંકર બનાવી મુકયો છે. એ કુરિવાજ આપણા સામાજીક જીવનને લાગુ પડેલા ભયંકર ક્ષય રોગ સમાન છે અને તેને પરિણામે આપણી શકિતઓ દિવસે દિવસે ક્ષીણ થતી જાય છે અને જો સવેળા એ મહારોગનો ઉપાય યોજવામાં ન આવ્યો હોત તો એ રોગ એટલો અસાધ્ય નિવડયો હોત કે જેનું નિવારણ થઇજ ન શકયું હોત.

કેટલાકો કહે છે કે સરકારે લગ્ન જેવી ધાર્મિક બાબતમ માથું મારવું જોઇતું ન હતું. અમે પણ એમજ માનીએ છીએ

કે સરકાર લોકોના ધાર્મિક છુટાપણાની વચ્ચે ન આવે એજ ઇષ્ટ છે પરંતુ જ્યારે આપણ જાતે આ ભયંકર રોગને નાબુદ કરવા તરફ દુર્લક્ષ્ય આપીને આજસુધી ગફલતમાં રહ્યા અને આપણા પોતાનાજ વિનાશના પંથે ઘસડાવામાંજ ધર્મ માની બેઠા ત્યારે આપણને તે ભયંકર પાપમાંથી અટકાવવાની સરકારની અનિવાર્ય ફરજ હતી. જેમ સતીનો રીવાજ નાબુદ કરવામાં સરકાર વ્યાજબી હતી તેમ બાળલગ્ન નાબુદ કરવાનો કાયદો પણ વ્યાજબીજ છે. આપણામાં કેળવણીનો ખુબ પ્રચાર થાય અને આપણે આવા કુરિવાજોને દુર કરીએ તે અગાઉનો આપણો સર્વથા વિનાશજ થઇ જાય. આથી જ્યારે આપણે સત્ય વસ્તુ નહિ સમજતાં હાથે કરીનેજ આપણી ઘોર ખોદવા તૈયાર થઇ રહ્યાં હતાં ત્યારે આપણને અટકાવવાની કાયદેસર ઇલાજોની જરૂર હતી અને તેથીજ શ્રી હરબિલાસ શારદા જેમના નામ ઉપરથી આ-બીલને શારદા બીલ કહેવામાં આવે છે તેમણે વડી ધારાસભા દ્વારા આ દુષ્ટ કુરિવાજનો સદાને માટે અંત આણવા માટે આ બીલ રજુ કર્યું હતું. શરૂઆતમાં તે કેવળ હિંદુઓનેજ લાગુ પાડવાનો ઇરાદો હતો પરંતુ પાછળથી મુસલમાનો અને બીજી કોમોના સમજુ આગેવાનોએ તે કાયદા પાછળ રહેલો **અસાધારણ લોક કલ્યાણનો આશય** જોઇ લીધો અને તે બીલમાં આખા દેશની સર્વ કોમોને સામેલ રાખવાની માંગણી કરી. અને સરકારને આ કાયદો ઘણોજ જરૂરી લાગવાથી તેણે પણ તે કાયદાને ટેકો આપ્યો અને આખરે તે કાયદો કાયદા પોથીપર ચઢી ગયો.

અંતમાં અમે જનસમાજને વિનંતિ કરીએ છીએ કે આ કાયદાનો અમલ થવામાં આપણું સૌનું ભારેમાં ભારે હિત રહેલું

હોવાથી તેનાથી ગભરાઇને તેમાંથી છટકી જવા માટે તમારા બાળકોના સંસાર સળગાવી દેવા તૈયાર ન થશો. પરંતુ તેઓને આ સુંદર કાયદાનો લાભ લેવા દઇ લગ્ન ગાંઠે જોડાતાં પહેલાં ધર્મશાસ્ત્રોએ જણાવેલી લગ્ન અને ગૃહસ્થાશ્રમના જવાબદારીઓ સમજી લેવાની તક અવશ્ય આપજો. તે ઉપરાંત અમે યુવકસંઘો, અને સમાજ સેવા માટે રચાયલી તમામ સાર્વજનિક સંસ્થાઓને અપીલ કરીએ છીએ કે તેઓએ તા૦ ૧ લી એપ્રીલ ૧૯૩૦ પછી આ કાયદાનો અમલ પુર જોશમાં થાય તે માટે મોટા પાયા ઉપર ચળવળ ઉપાડી લેવી અને એ રીતે સમાજમાં ફેલાયલા અંધશ્રદ્ધાના પડળો ચીરી નાંખી સમાજની સાચી સેવા બજાવવી,

છેવટ શ્રી. હરબિલાસ શારદા જેમના સુંદર પ્રયાસથી આ કાયદો અસ્તિત્વમાં આવ્યો છે તેમને અને જેઓએ તે શારદાબીલને ટેકો આપવાનું ધર્મકાર્ય કર્યું છે તે સૌને અમારાં અભિનંદન સાથે અમે વિરામીયે છીએ.

પુષ્કરરાવ સાકરલાલ દેસાઇ

આ ચોપડી સરસ્વતી પ્રી. વર્કસમાં શા. નંદલાલ ચુનીલાલ બોડીવાલાએ સેન્ટ્રલ બેંક નીચે રીચીરોડ અમદાવાદમાં છાપી

બાળલગ્ન પ્રતિબંધક

શારદા એકટ.

(સન ૧૯૨૯ નો એકટ નંબર ૧૯)

બાળલગ્ન થતાં અટકાવવાનો કાયદો.

બાળલગ્ન પર અંકુશ મુકવાની જરૂરી હોવાથી નીચે પ્રમાણેનો કાયદો ઘડવામાં આવે છે:—

૧ (૧) આ કાયદાને સને ૧૯૨૯ નો બાળલગ્ન પ્રતિબંધક કાયદો કહેવો.

ટુંકું મથાળું, અને વિસ્તાર

(૨) એ કાયદો બ્રિટિશ બલુચિસ્તાન અને સંતાલ પરગણા સહિત આખા બ્રિટિશ હિંદને લાગુ પડશે.

(૩) આ કાયદાનો અમલ તા. ૧ લી એપ્રીલ ૧૯૩૦ થી અમલમાં મુકશે.

સમજુતી: આ કાયદો બ્રિટિશ હિંદની આખી પ્રજાને લાગુ પાડવામાં આવ્યો છે. વળી બ્રિટિશ સરકારે આ કાયદો ઘડેલો હોવાથી તે બ્રિટિશ હિંદની પ્રજાનેજ લાગુ પડી શકશે દેશી રાજ્યોની પ્રજાને તે લાગુ પડી શકશે નહિ. દાખલા તરીકે કલોલમાં બાળલગ્ન કરવામાં આવે તો તેને શારદા એકટ લાગુ પડી શકે નહિ પરંતુ વડોદરા

રાજ્યમાં બાળલગ્ન પ્રતિબંધક કોઇ બીજો કાયદો હસ્તી ધરાવતો હોય તો તે કાયદોજ લાગુ પાડી શકાય.

૨. આ કાયદામાં વિષય પરત્વે અગર તો પરસ્પર સંબંધ પરત્વે કાંઇ પણ બાધ ન આવતો હોય તો.

વ્યાખ્યાઓ.

(અ) "બાળક"નો અર્થ ૧૮ વર્ષથી નીચેની ઉમ્મરનો પુરૂષ, અગર તો ૧૪ વર્ષથી ઓછી ઉમરની સ્ત્રી.

(બ) "બાળલગ્ન"નો અર્થ એ થાય છે કે જે લગ્નમાં કરાર કરનાર વર અગર કન્યા એમાંથી એક વ્યકિત બાળક હોય તેવું લગ્ન.

(ક) સગીર એટલે કોઇ પણ વ્યકિત (સ્ત્રી અથવા પુરૂષ) જેની ઉમ્મર ૧૮ વર્ષથી ઓછી હોય.

સમજુતી: લગ્નને દિવસે અથવા તે પહેલાં કન્યાએ ૧૪ વર્ષ પુરા કરેલાં હોવા જોઇએ અને છોકરાએ ૧૮ વર્ષ પુરા કર્યા હોવા જોઇએ. કન્યાની ૧૫ મી વરસગાંઠ અને છોકરાની ૧૯ મી વરસગાંઠને દિવસે અથવા તો દિવસ પછીજ લગ્ન કરવામાં આવે તો તે કાયદેસર ગણાય. તે અગાઉ એક પણ દિવસ પહેલાં થયેલું લગ્ન ગેરકાયદેસર ગણાય અને તેવું લગ્ન કરનાર આ કાયદા મુજબ શિક્ષાને પાત્ર ઠરે.

૨૧ વર્ષથી ઓછી ઉમરનો પુરૂષ ૧૪ વર્ષથી ઓછી ઉમરની કન્યા સાથે લગ્ન કરે તો.

૩. ૧૮ વર્ષથી વધારે ઉમ્મરનો અને ૨૧ વર્ષથી ઓછી ઉમ્મરનો એવો પુરૂષ "બાળલગ્ન" કરે તો તેને રૂ. ૧૦૦૦ સુધીના દંડની સજા કરવામાં આવશે.

સમજુતી: ઉપર જણાવ્યા મુજબ કલમ (૨)માં બાળલગ્નની વ્યાખ્યા આપવામાં આવી છે. ૧૮ થી ૨૧ વર્ષ સુધીનો પુરૂષ સગીર ગણાય નહિ અને તેથી તે પોતાના કૃત્ય માટે કાયદા મુજબ જવાબદાર ગણી શકાય છે. એવો પુરૂષ જો ૧૪ વર્ષથી ઓછી ઉમરની એવી કન્યા સાથે લગ્ન કરે તો તે એવા બાળલગ્ન માટે કાયદેસર રીતે ગુનાને પાત્ર ઠરે છે. પરંતુ ૨૧ વર્ષની ઉમરથી પુરૂષની ઉમર ઓછી હોવાથી તેને ફકત દંડનીજ સજા કરવાનું વ્યાજબી માનવામાં આવ્યું છે. અને તેને માટે કેદની સજા રાખવામાં આવી નથી. વળી સામાન્ય રીતે કન્યાની ઉમર પુરૂષ કરતાં ઓછી હોવાથી ૧૮ વર્ષથી વધુ ઉમ્મરની સ્ત્રી ૧૮ વર્ષથી ઓછી ઉમ્મરના પુરૂષ સાથે લગ્ન કરે એવો સંભવ ભાગ્યેજ હોય છે તેથી આ કલમમાં ૧૮ વર્ષથી વધુ અને ૨૧ વર્ષથી ઓછી ઉમ્મરની સ્ત્રીને બાળલગ્ન કરવા બદલ ગુનેગાર ઠરાવવામાં આવેલ નથી. તેમજ આ કલમ મુજબ ૨૧ વર્ષથી ઓછી ઉમ્મરના અને ૧૮ વર્ષથી વધુ ઉમ્મરના પુરૂષને બાળલગ્ન કરવા બદલ જે દંડ કરવામાં આવે તે સદરહુ પુરૂષ ન ભરે તો તે દંડ ભરવા માટે તેની પત્નીને જવાબદાર ગણવામાં આવશે નહિ.

૨૧ વર્ષથી મોટી વયનો પુરૂષ જો ૧૪ વર્ષથી ઓછી વયની સ્ત્રી સાથે બાળલગ્ન કરવાનો ગુનો કરે તો.

૪. ૨૧ વર્ષથી વધારે ઉમ્મરનો પુરૂષ જો કોઈ પણ ૧૪ વર્ષથી ન્હાની ઉમ્મરની કન્યા સાથે લગ્ન કરે તો તેને ૧૦૦૦ રૂપીયાનો દંડ અથવા તો એક મહિનાની સાદી કેદની સજા અથવા તો બન્ને સજા એકી સાથે કરવામાં આવશે.

સમજુતી: ઉપરની કલમ ૩ માં ૨૧ વર્ષથી ઓછી ઉમ્મરના પુરૂષને માટે ફક્ત દંડની સજા ફરમાવેલી છે પણ કેદની સજા થાય નહિ. પરંતુ આ ૪ થી કલમ મુજબ ૨૧ વર્ષથી મોટી વયના પુરૂષને દંડ તેમજ જેલની બન્ને સજા કરી શકાશે. આનું કારણ એ છે કે ૨૫ વર્ષ પુરા થયાં પછી માણસની સમજ પુરેપુરી ખીલેલી માનવામાં આવે છે અને તેથી સદરહુ પુરૂષ ગુના માટે વધારે પ્રમાણમાં જવાબદાર ગણાય છે અને તેથી તેને માટે સજા પણ વધારે મોટી રાખવામાં આવી છે.

બાળલગ્નની વીધિકરાવનારને સજા,

૫. જે કોઈ માણસ બાળલગ્ન કરે, તેની વીધિ કરે અથવા વીધિ કરાવે તેવા માણસને રૂ. ૧૦૦૦ નો દંડ અગર તો એક માસની સાદી કેદની સજા અગર તો બન્ને સજા કરવામાં આવશે.

સમજુતી: આ કલમથી બાળલગ્ન કરનાર માતપિતા અગર તો બાળકોના વાલીઓને તેમજ એવા બાળલગ્નની વિધિ કરાવનાર ગોરને ગુનેગાર ગણવામાં આવેલ છે. એટલે કે પોતાની દિકરાની ઉમ્મર ૧૪ વર્ષથી ઓછી અગર તો પોતાના પુત્રની ઉમ્મર ૧૮ વર્ષથી ઓછી હોય એવું લગ્ન કરાવનાર તેમજ માબાપ તેમજ તેવા લગ્નવિધિ કરાવનાર ગોર મહારાજ અથવા કાજીને આ કલમ મુજબ ગુનેગાર ગણવામાં આવશે. પરંતુ જો બાળલગ્નની વિધિ કરાવનાર ગોર કોર્ટમાં એમ સાબીત કરે કે વિધિ કરાવતાં પહેલાં તેણે વર અને કન્યાની ઉમ્મર વિષે પુરેપુરી તપાસ કરી લીધી હતી અને તેને તેથી ખાત્રી થઈ હતી કે કન્યાની ઉમર ૧૪ વર્ષથી વધારે છે અને

પરણનાર પુરૂષની ઉમર ૧૮ વર્ષથી વધુ છે તો તે સજામાંથી ઉગરી શકશે એટલે કે ગોરે લગ્ન કરાવતાં પહેલાં વર તેમજ કન્યા બન્નેની ઉમર અનુક્રમે ૧૮ અને ૧૪ થી વધારે છે એની પકી ખાત્રી કરી લેવી જોઇશે. નહિ તો તે પણ વર અને કન્યાના માબાપ તેમજ વાલીની માફક એક માસની સજા અથવા ૧૦૦૦ રૂપીઆનો દંડ અથવા તો બન્ને પ્રકારની સજાને પાત્ર થશે.

"બાળલગ્ન" સાથે સંબંધ ધરાવતા માબાપ અગર વાલીને થનારી સજા

૬. (૧) કોઇ પણ સગીર ઉમ્મરની વ્યકિત એટલે કે ૧૮ વર્ષથી ઓછી વયનો પુરૂષ બાળલગ્ન કરે ત્યારે તે વ્યકિત માબાપ તરીકે અથવા તો વાલી તરીકે અથવા તો કાયદેસર કે ગેરકાયદેસર હકકની રૂએ જેના કબજામાં હોય તે માણસ એવું લગ્ન થાય તે માટે કાંઇ પણ કાર્ય કરે અથવા તો એવા લગ્નના વિધિ કરવાની પરવાનગી આપે અથવા તો એવા બાળલગ્નનો વિધિ અટકાવવામાં બેદરકારીથી નિષ્ફળ જાય તો તેને પણ એક હજાર રૂપીયાનો દંડ અથવા તો એક મહિનાની સાદી કેદની સજા અથવા તો બન્ને પ્રકારની સજાઓ કરવામાં આવશે.

પરંતુ આવા કામમાં ગુનેગાર ઠરેલી કોઇ પણ સ્ત્રીને કેદની શિક્ષા થઇ શકશે નહિ.

(૨) આ કલમનો અમલ કરવા માટે એમ માની લેવામાં આવશે કે જ્યાં સુધી ઉલટું સાબીત ન થાય ત્યાં સુધી એમ માની લેવામાં આવશે કે જે સગીરે બાળલગ્ન કર્યું હોય તેનો કબજો ધરાવનાર માણસ એવું લગ્ન અટકાવવામાં બેદરકારીથી નિષ્ફળ નિવડયો છે.

સમજુતી: અગાઉ જણાવ્યા મુજબ "સગીર" એટલે ૧૮ વર્ષથી ઓછી ઉમ્મરનો હરકોઈ પુરૂષ અથવા તો સ્ત્રી. કાયદા મુજબ સગીરના કાર્ય માટે તેને જવાબદાર ગણવામાં આવતો નથી પરંતુ જેઓ તેનો કબજો ધરાવતા હોય તે માબાપ અગર વાલીઓનેજ તેના કૃત્ય માટે જવાબદાર લેખવામાં આવે છે. પછી તે સગીરનો કબજો ધરાવનાર કાયદેસર અગર તો ગેરકાયદેસર તેનો કબજો ધરાવતો હોય પરંતુ તેથી આ કાયદા મુજબ તેની જવાબદારીમાં ભેદ ગણાતો નથી. એટલે કે બાળલગ્ન કરનાર સગીરે પોતાના માબાપ અગર તો વાલીની સંમતી લીધી ન હતી એવું બહાનું ચાલી શકે નહિ તેઓએ બાળલગ્ન અટકાવવા માટે પોતાથી બનતા તમામ પ્રયત્નો કરવાજ જોઈએ નહિ તો તેઓજ તે માટે જવાબદાર ઠરે છે. તેઓએ સજાથી બચવા માટે કોર્ટમાં સાબીત કરી બતાવવું પડશે કે તેમણે પોતાથી બનતા સર્વ પ્રયત્નો કરવા છતાં પોતાના સગીર બાળકોએ લગ્ન કરી દીધાં. નહિ તો કોર્ટ માની લેશે કે તમણે બેદરકારીથી અગર તે જાણી જોઈને આવું લગ્ન થવા દીધું હતું. વાલી આવા ગુના માટે જવાબદાર ઠરે છે તે જો પુરૂષ હોય તો તેને દંડ તેમજ કેદની બન્ને અગર એમાંથી એક સજા કરવામાં આવશે, પરંતુ તે વાલી જો સ્ત્રી હોય તો તેને કેદની સજા થઈ શકે નહિ પરંતુ એકલી દંડની સજા કરવામાં આવશે.

કલમ નં. ૩ ના ગુન્હા માટે કેદની સજા થશે નહિ.

૭. સને ૧૮૯૭ ના જનરલ ક્લોઝીઝ કાયદાની ૨૫ મી કલમ અથવા તો હિંદી ફોજદારી કાયદાની ૬૪ મી કલમમાં આ સંબંધમાં કંઈ પણ પ્રબંધ કરેલો હોય તેમ છતાં પણ શારદા

એકટની કલમ ત્રીજી મુજબ સજા કરનાર કોર્ટ કદી પણ એવો હુકમ કરી ન શકે કે ગુનેગાર જો દંડ ન ભરે તો તે દંડના બદલામાં તે ગુનેગારે કેદની સજા ભોગવવી.

સમજુતી: ઉપર જણાવેલી કલમ ત્રીજી બાળલગ્ન કરનાર ૧૮ થી ૨૧ વર્ષ સુધીના પુરૂષને લાગુ પડે છે સદરહુ પુરૂષ જો ૧૪ વર્ષથી ઓછી ઉમ્મરની સ્ત્રી સાથે લગ્ન કરે તો તેને એક હજારનો દંડ કરવાની સત્તા કોર્ટને આપવામાં આવી છે પરંતુ જો તે દંડ ન ભરે તો તે દંડ તેની પત્ની પાસેથી વસુલ થઈ શકે નહિ એવું ઉપરની કલમ ૩ જીમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે. તો પછી ગુનેગારને થયેલો દંડ વસુલ ન થાય તો કોર્ટ શું પગલાં લેવા તે સવાલ ઉપસ્થિત થાય છે. સામાન્ય રીતે ફોજદારી ગુન્હા બદલ થયેલો દંડ ભરવામાં ન આવે તો અપરાધીને દંડને બદલે જેલની સજા ફરમાવવામાં આવે છે. પરંતુ મજકુર કલમથી કોર્ટને દંડને બદલે જેલની સત્તા કરવાની મના કરવામાં આવી છે. તો પછી દંડ કેવી રીતે વસુલ કરવો એ પ્રશ્ન થઈ પડે છે. જો ૧૮ થી ૨૧ વર્ષની ઉમ્મર સુધીનો પુરૂષ બાળલગ્ન કરવા બદલ ગુનાને પાત્ર ઠરે અને દંડ ભરી શકે તેવી તેની હાલત હોય છતાં તે તેવો દંડ ન ભરે તો ગુનેગારને માથે દિવાની કાયદાની રૂએ તે દંડની જવાબદારી તો કાયમ રહે છેજ. અને કોર્ટ તેની માલ મીલકત વેચાવીને પણ દંડ વસુલ કરી શકે છે એટલે કે જો આવો અપરાધી ઘણો ગરીબ હોય તોજ આ સજામાંથી છટકી શકે છે પરંતુ ગુનેગારની દિવાની જવાબદારી કાયમજ રહે છે.

૮. અને ૧૮૯૮ ના ફોજદારી ગુના ચલાવવાના કાયદાની ૧૯૦ મી કલમમાં આ વિષે કાંઈ પણ પ્રબંધ થયેલો હોય છતાં પણ આ કાયદાની રૂએ થતાં ગુના ધ્યાનમાં લેવાની અને તે સંબંધી તપાસ ચલાવવાની સત્તા પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ અથવા તો ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ સિવાય બીજી કોઈ પણ ફોજદારી કોર્ટને હસ્તક રહેશે નહિ.

આ કાયદા પ હકુમતનો સવાલ

સમજુતી: ઉપરની કલમથી 'બાળલગ્ન' સંબંધી ઉપસ્થિત થયેલા ગુનાઓનાં તપાસ કરવાની સત્તા મુંબઈ, મદ્રાસ, કલકત્તા વિગેરે ઇલાકાના શહેરો જ્યાં પ્રેસીડન્સી મેજીસ્ટ્રેટો નિમવામાં આવે છે તે શહેરોમાં પ્રેસીડન્સી મેજીસ્ટ્રેટોને એ સત્તા આપવામાં આવેલી છે અને સુરત, અમદાવાદ, ભરૂચ વિગેરે જીલ્લાના વડા મથકો જ્યાં કલેક્ટરોની કોર્ટ હોય છે તે શહેરોમાં સ્થાનિક કલેકટરો જીલ્લા મેજીસ્ટ્રેટની સત્તાની રૂઇયે આવા ગુનાઓનું કામ ચલાવશે. બીજા કોઈ પણ મેજીસ્ટ્રેટને આવા કેસો ચલાવવાની સત્તા આપવામાં આવી નથી.

૯. આ કાયદાની રૂએ થતાં કોઇ પણ ગુનાના સંબંધમાં જે લગ્નના સંબંધમાં આવો ગુનો થયો હોય તે લગ્ન થયાની તારીખથી એક વર્ષની અંદર ફરીયાદ નોંધાવવામાં ન આવે તો પછી તે મુદત બાદ તેવા ગુનાની તપાસ કરવા કોઈ પણ મેજીસ્ટ્રેટને સત્તા નથી.

ફરીયાદની મુદત

સમજુતી: જે કોઇ સંસ્થા અગર તો લાગતા વળગતાઓ તરફથી બાળલગ્ન સામે ફરીયાદ કરવાનો ઇરાદો હોય તેઓએ આવા લગ્ન થઈ ગયાને એક વર્ષની મુદત થઇ ન જાય તેની ખુબ

કાળજી રાખવાની છે. એક વર્ષ વીતી ગયા પછી કોઈપણ કોર્ટ તે સંબંધી ફરીયાદ સાંભળશે નહિ તેથી બાળલગ્ન કરનારાઓને જે કોઈ કોર્ટે ઘસડવા માંગતા હોય તેઓએ લગ્ન થયા બાદ તરતજ ફરીયાદ નોંધાવવી એ સલાહ ભરેલું છે.

૧૦. સને ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાના કાયદાની ૨૦૩ ની કલમ મુજબ પ્રથમ આ ગુનાની ચોકસી કરનાર અદાલત આ ફરીયાદ કાઢી નાંખવી કે નહિ તેનો નિર્ણય કરશે અને તે ફરીયાદ કાઢી નાંખવા જેવી નહિ જણાય તો ફોજદારી કામ ચલાવવાના કાયદાની કલમ ૨૦૨ મુજબ પોતે જાતે આ ગુનાની તપાસ કરશે અથવા તો પોતાની હાથ નીચેના કોઈ પણ પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટને એ ગુનાની તપાસ કરવાનું કામ સોંપશે.

પ્રાથમિક તપાસ બાબત

સમજુતી: ફોજદારી કામ ચલાવવાના કાયદાની કલમ ૨૦૩ માં એવો પ્રબંધ છે કે ફરીયાદી સોગન્દ ઉપર પોતાની જે કેફીયત નોંધાવે તે વજુદ વાળી ન જણાય તો આગળ કેસ ચલાવવો બાકી તે ફરિયાદ કાઢી નાંખવી. આ બાબતનો નિર્ણય કરીને કોર્ટને જો સદરહુ ફરિયાદ વજુદ વાળી જણાય તો કલમ ૨૦૨ મુજબ જાતે અગર પોતાની હકુમત નીચેના હરકોઈ પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટ દ્વારા તે સંબંધી તપાસ ચલાવશે.

૧૧. (૧) સને ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાના કાયદાની કલમ ૨૫૦ મુજબ કદાચ ફરીયાદી પાસે આરોપીને ખોટી ફરીયાદ બદલ બદલો આપ-

ફરીયાદી પાસે જામીન લેવા બાબત

વાનું વ્યાજબી જણાય તે કારણ સર કોર્ટ ફરીયાદી પાસે રૂ. ૧૦૦ ની રકમનું જામીન સાથેનું અગર તો જામીન વિનાનું બોન્ડ આપવાની કોર્ટ ફરજ પાડી શકશે અને જો તેવા જામીન લેવાની કોર્ટ ફરજ ન પાડે તો તેના કારણો કોર્ટે દફતરે નોંધવા પડશે. આવી જામીનગીરી કોર્ટે ઠરાવેલા યોગ્ય સમયમાં આપવામાં નહિ આવે તો કોર્ટ ફરીયાદ કહાડી નાખશે.

(૨) આ કલમ મુજબ લીધેલું બોન્ડ ફોજદારી કામ ચલાવવાના કાયદાની રૂએ લીધેલું ગણાશે અને તે માટે તે કોડના ૪૨ માં પ્રકરણમાં જણાવેલી વિધિ લાગુ પડશે.

સમજુતી: ઉપરની કલમમાં જણાવ્યા મુજબ જે બોન્ડ ફરીયાદી પાસે લેવામાં આવશે તે જો તેની ફરીયાદ ખોટી ઠરશે અને આરોપીને ઇરાદાપૂર્વક હેરાન કરવામાં આવ્યો છે એમ જો કોર્ટને જણાશે અને તેથી સદરહુ આરોપીને બદલો આપવાની જરૂર જણાશે તોજ તે રૂ. ૧૦૦ ની રકમ કોર્ટ જપ્ત કરશે. અને જો ફરીયાદીની ફરીયાદ સાચી ઠરશે તો તેની રૂ. ૧૦૦ ની રકમ પાછી મળશે. આથી આવી જાતનું બોન્ડ આપવાથી રકમ જતી રહેશે એવો ભય રાખવાનું કારણ નથી. ફકત કોઇ આરોપીની અકારણ હેરાનગતી ન થાય તેટલા પુરતુંજ આ બોન્ડનો પ્રબંધ કરવામાં આવેલો છે અને જો મેજીસ્ટ્રેટને એમજ લાગે કે બાળલગ્ન સાબીત થઇ શકે એવા ચોકકસ પુરાવાઓ મોજુદ છે તો તે પોતાની ઇચ્છાથી બોન્ડ નહિ લેવાના કારણો દફતરે નોંધીને ફરિયાદીને બોન્ડમાંથી મુકત પણ રાખી શકે છે.

વળી આ ગુના બદલ ફરીયાદ કોઇ અમુકજ વ્યકિત કરી શકે એમ ઠરાવવામાં આવ્યું નથી પરંતુ કોઇપણ સમાજ સેવાની સંસ્થાની વતી તેનો મંત્રી હરકોઇ બાળલગ્નની બાબતમાં જરૂરી બોન્ડ આપીને ફરીયાદ માંડી શકે છે અને આવી સંસ્થાઓ પાસે નાણાનું ભંડોળ હોવાથી તેમજ તેઓની પાછળ ભારે નૈતિક બળ રહેલું હોવાથી તે સંસ્થાઓજ જો આવા ગુનાઓ શોધી કહાડી ને ગુનેગારોને સજા અપાવવાનું કાર્ય ઉપાડી લે તો આ કાયદો ઘણા મોટા પ્રમાણમાં સફળ નિવડે અને બાળલગ્નની રૂઢીનો સદંતર વિનાશ કરવાનું કાર્ય વધુ સુગમ થઇ પડે.

બહાર પડી છે Short & Sweet જલ્દી નામ નોંધાવો

—ટૂંકુ ને ટચની—

નાટ્ય માલા-પુષ્પ ત્રીજું-ભાગ પહેલો

સમાજના બળતા પ્રશ્નોની ઉકેલ કરતું સામાજીક ત્રિઅંકી ભજવી શકાય તેવું નાટક—

—વાઘણ—

છુટક કિં. રૂ. ૦-૧-૦ વાર્ષિક ભેટો સાથે રૂ, ૧-૮-૦

પરદેશ રૂ. ૨-૮-૦

દર મહિને બહાર પડશે—

—તેમજ—

ટૂંકુ ને ટચની વાર્તામાલા—

પુષ્પ પહેલું—

પારસી બાલાનો પ્રેમ કિસ્સો—

પત્રોમાં પ્રણય વેદના—

છુટક કિં રૂ. ૦-૧-૦ વાર્ષિક ભેટો સાથે રૂ. ૧-૮-૦

પરદેશ રૂ. ૨-૮-૦

જા ખ-વગેરે માટે લખો:—

ટૂંકુ ને ટચ ઑફીસ.

૧૫૩૯-૨, જમાલપુર ટોકરશાની પોળ

અમદાવાદ.